# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશી અપનાવીને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો – અમદાવાદમાં યુનિટી માર્ચનું પ્રસ્થાન.

2) સરકારે રાજ્યભરમાંથી ખેડૂતો પાસેથી 769 કરોડ રૂપિયાથી વધુની એક લાખ પાંચ હજાર મૅટ્રિક ટનથી વધુની મગફળી ખરીદી કરી

3) DRIએ કચ્છના મુન્દ્રા બંદર પર ગેરકાયદે આયાત કરાયેલા પાંચ કરોડ રૂપિયાના ફટાકડા સાથે એક વ્યક્તિની ધરપકડ

4) રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિના ગુનામાં પકડાયેલા આરોપીઓની 100 કલાકમાં તપાસ કરી વિસ્તૃત દસ્તાવેજ તૈયાર કરવા DGPની જિલ્લા પોલીસ વડાઓને તાકીદ.

5) સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સાયકલિંગ સ્પર્ધામાં વાયુસેનાના મનજિત સિંઘ પહેલા ક્રમે.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM UNITY MARCH AMDAVAD

સરદાર વલ્લભભાઈ પટેલની દોઢ સો-મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે લોકો સુધી "એકતા મંત્ર" પહોંચાડવા વિધાનસભાદીઠ યુનિટી માર્ચ એટલે કે, એકતા દોડ યોજાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં "સરદાર એટ 150 યુનિટી માર્ચ " પદયાત્રાનું આંબલી વિસ્તારથી પ્રસ્થાન કરાવ્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો. શ્રી પટેલે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીને સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ ગણાવી.

(BYTE: CM BHUPENDRA PATEL)

. . . .

# EKTA PADYATRA

ભાવનગર ખાતે કૃષિમંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં જશોનાથ સર્કલથી મસ્તરામ મંદિર સુધી એકતા પદયાત્રા યોજાઇ. તેમણે સરદાર પટેલે રાષ્ટ્રીય એકતાના સાકાર કરેલા સ્વપ્નને દેશની પ્રગતિનો આધારસ્તંભ ગણાવ્યો.

(બાઇટ જીતુ વાઘાણી, કૃષિ મંત્રી)

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ કહ્યું , સરદાર પટેલના વિચાર અને આદર્શ યુવા પેઢીને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરિત કરે છે.

તાપીના વ્યારા ખાતેથી કેબિનેટ મંત્રી નરેશ પટેલે એકતા પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો.

ડાંગના આહવા ખાતે ફુવારા સર્કલ પાસે સરદાર પટેલની પ્રતિમાનું આનાવરણ કરી એકતા પદયાત્રા યોજાઈ.

નવસારીના વાંસદામાં સીતાપુર ગામના અંબાજી મંદિરથી ગાંધી મેદાનની સામે સરદાર બાગ સુધી પદયાત્રા યોજાઈ.

જ્યારે સાબરકાંઠાના ઈડર , મહેસાણાના કડી , મોરબીમાં ટંકારા તેમજ સુરેન્દ્રનગરના દસાડામાં પણ એકતા પદયાત્રા યોજાઇ

. . . . . .

# GNR CM FELLOWSHIP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી વ્યવસ્થાઓમાં પરિવર્તનકારી ફેરફારથી સામાન્ય વ્યક્તિની સુવિધા , સુખાકારીના કામ અને વ્યવસાય કરવામાં સરળતાને વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરી છે. ગાંધીનગરમાં સીએમ ફેલોશિપ યુવાઓની એક દિવસની કાર્યશાળાનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ વાત કહી.

શ્રી પટેલે સીએમ ફેલોશિપ પ્રોગ્રામને સુશાસન માટે મહત્વનો ગણાવતા યુવાશક્તિના જ્ઞાન, કૌશલ્ય અને વરિષ્ઠ સચિવોના અનુભવના સમન્વયથી આ નેમ સાકાર કરવા પર ભાર આપ્યો. શ્રી પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "અમે સરકાર ચલાવવા નહીં, દેશમાં બદલાવ લાવવાના હેતુ સાથે કામ કરીએ છીએ " આ પ્રેરણા વાક્યનો પણ ઉલ્લેખ કર્યો.

. . . . . . . .

# MAGFALI KHARIDI

રાજ્યભરમાં હાલ સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. સરકારે અત્યાર સુધી રાજ્યના 253 ખરીદ કેન્દ્ર પરથી 45 હજાર 790થી વધુ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરી છે. સરકારે 769 કરોડ રૂપિયાથી વધુની કિંમતની એક લાખ પાંચ હજાર મૅટ્રિક ટનથી વધુની મગફળી ખરીદી કરી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# DRI MUNDRA PORT

ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઇન્ટેલિજેન્સ – DRIએ કચ્છના મુન્દ્રા બંદર પરથી 30 હજાર ફટાકડા જપ્ત કર્યા છે. DRIએ જણાવ્યું, ચીનથી ગેરકાયદે આયાત કરાયેલા આ ફટાકડાની કિંમત પાંચ કરોડ રૂપિયા જેટલી હોવાનું જણાયું છે. આ સાથે જ ફટાકડા મગાવનારા મુખ્ય વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી છે.

DRI-ના અધિકારીઓએ જણાવ્યું , 40 ફૂટ લાંબા કન્ટેનરના નિરીક્ષણ દરમિયાન તેમાં ફટાકડા સંતાડવામાં આવ્યા હતા. પકડાયેલા આયાતકાર પાસે કોઈ માન્ય દસ્તાવેજ નહતા. તેમજ તેણે ફટાકડાની દાણચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાની પણ કબૂલાત કરી હતી. આ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

. . . .

# DISTRICT WISE SIR

રાજ્યભરમાં હાલ મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટે જિલ્લાવાર શિબિર યોજવા જિલ્લા ચૂંટણી અધિકારીઓને અનુરોધ કર્યો છે.

સત્તાવાર યાદી મુજબ, આ તમામ વર્ગને એન્યુમરેશન ફોર્મ એટલે કે, ગણતરી પત્રક ભરવામાં મુશ્કેલી ન પડે તે માટે તેમણે આ અભિગમ અપનાવવા પર ભાર આપ્યો. શ્રી શુક્લાએ જિલ્લા ચૂંટણી અધિકારીઓને સ્થાનિક કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સાથે સંકલન સાધવા જણાવ્યું છે.

. . . . . . . .

# DGP NEW ORDER

રાજ્યના પોલીસ મહાનિદેશક – DGP વિકાસ સહાયે ગત 30 વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિના ગુનામાં પકડાયેલા આરોપીઓની તપાસ કરવા આદેશ આપ્યો છે. તેમણે કહ્યું , આવા આરોપીઓની તપાસ કરી ચકાસણી પ્રક્રિયાને અંતે ડૉઝિયર એટલે કે, વિસ્તૃત દસ્તાવેજ તૈયાર કરવાની કાર્યવાહી 100 કલાકમાં પૂર્ણ કરવા તમામ શહેર અને જિલ્લા પોલીસ વડાઓને તાકીદ કરી છે.

(BYTE: VIKAS SAHAY, DGP)

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................

# GANDHINAGAR DABAN

ગાંધીનગરમાં તંત્ર દ્વારા સેક્ટર 30માં વર્ષો જૂના ગેરકાયદે દબાણ હટાવાયા. ગાંધીનગરના ASP આયૂષ જૈને કહ્યું, વહેલી સવારથી કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે પાટનગર યોજના વિભાગની ટુકડીએ સરકારી જમીન પર વર્ષોથી કરાયેલા ગેરકાયદે દબાણ તોડવાની કામગીરી હાથ ધરાઈ.

દબાણ ટુકડીએ સેક્ટર 30 સર્કલ વિસ્તારમાં ગેરકાયદે સાતથી વધુ પાકા દબાણ તોડી પાડ્યા. શહેરમાં કરાયેલા એક હજાર 400થી વધુ ગેરકાયદે દબાણ પણ હટાવાશે.

. . . .

# AHMEDABAD CRIME BRANCH

અમદાવાદ ગુનાશાખાએ અમદાવાદ સહિત રાજ્યમાં 12થી વધુ ગુનામાં ફરાર આરોપી અનિલ પાન્ડીની ઓડિશાથી ધરપકડ કરી છે. ટ્રાન્સફર વોરંટના આધારે પકડાયેલો આ આરોપીએ દેશમાં વિવિધ જગ્યાએ કેફી પદાર્થ મોકલી કરોડો રૂપિયાની મિલકત વસાવી હતી. આ મિલકતને અમદાવાદ ગુના શાખાએ ટાંચમાં લીધી છે. આ સાથે જ એક રાજ્યની પોલીસે અન્ય રાજ્યમાં જઈ આરોપીની મિલકત ટાંચમાં લીધી હોય તેવો આ પહેલો કિસ્સો હોવાનું ગુના શાખાના સંયુક્ત પોલીસ કમિશનર – જેસીપી શરદ સિંઘલે જણાવ્યું હતું.

(બાઇટ  જેસીપી શરદ સિંઘલ)

ઉલ્લેખનીય છે કે , આ ફરાર આરોપી વિરૂદ્ધ અમદાવાદ , સુરત , જુનાગઢ , રાજકોટ ગ્રામ્ય, રેલવે પોલીસમાં ગુના નોંધાયા છે. હાલ તેની વધુ પુછપરછ હાથ ધરાઈ છે.

. . . . .

# SoU CYCLING GOLD MEDAL

નર્મદાના એકતાનગરમાં સૌપ્રથમ વખત યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સાઈકલ યાત્રાનું આજે સમાપન થયું. તેમાં 100 કિલોમીટરની સાઈકલ સ્પર્ધામાં વાયુસેનાના મનજિત સિંઘે પહેલો ક્રમાંક મેળવ્યો છે. જ્યારે મહારાષ્ટ્રના સૂર્યા દાસુએ બીજો અને પંજાબના હર્ષવિરસિંઘ કૌરે ત્રીજો ક્રમાંક મેળવ્યો છે.

60 કિલોમીટરની સાઈકલ યાત્રામાં મહિલા સ્પર્ધકમાંથી ઑરિસ્સાનાં સ્વાતિ સિંગે પહેલો, ગુજરાતનાં મુસ્કાન ગુપ્તાએ બીજો અને રેલવેનાં સૌમ્યા અંતપુરે ત્રીજો ક્રમાંક મેળવ્યો. સાઈકલ યાત્રાના સમાપન અંગે સ્ટેચ્યૂ ઑફ યુનિટીના વહીવટી સંચાલક મુકેશ પુરીએ વધુ માહિતી આપી.

(BYTE: MUKESH PURI, MD, SoU)

. . . . . . . . .

# GUJ . STATE BADMINTON CHAMP. -VALSAAD

ગુજરાત રાજ્ય બેડમિન્ટન સ્પર્ધા 2025માં રાજ્યભરના 94 ખેલાડીએ ભાગ લીધો. વલસાડમાં યોજાયેલી આ સ્પર્ધા માટે 105 ખેલાડીએ નોંધણી કરાવી હતી. સ્પર્ધામાં 100 મેચ રમાઈ. તેમાં મિક્સ ડબલ્સમાં મોહમ્મદ અલી મીર અને તનિશા નાયર, પુરુષ ડબલ્સમાં ભાવિન જાદવ અને પુરુષોત્તમ અવટે તેમજ મહિલા ડબલ્સમાં બ્રિન્દ્રા શિન્દે અને ફ્લોરા એન્જિનીયર વિજેતા રહ્યાં.

પુરુષ સિંગલ્સમાં આર્યમન ટંડનલ અને મહિલા સિંગલ્સમાં અનેરી કોટક વિજયી થયાં.

. . . . . . . .

# NATIONAL DOGEBALL PATAN

પાટણના ચારૂપમાં 10-મી સબ જુનિયર નૅશનલ ડૉઝબૉલ સ્પર્ધાનો પ્રારંભ થયો. ડૉઝબૉલ સંગઠનના નેતૃત્વ હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં વિવિધ રાજ્યમાંથી આવેલી 40 જેટલી ટીમે ભાગ લીધો છે. સિદ્ધપુરના ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતે આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરાવતાં તેમણે આજના યુવા ખેલાડીઓને આવતીકાલના વિજેતા ગણાવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું , આવી સ્પર્ધાના આયોજન ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય મંચ તરફ લઈ જવાનું પાયાનું પગથિયું બની રહે છે.

. . . . .